## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, કાર્યકરો કહે છે... તમે કહો તેટલા ઉપવાસ કરીએ પણ, પછી તો ખાવાની છૂટ આપશો ને...???

# ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા ૧૪મીએ બંધારણ બચાવો પદયાત્રા યોજાશે

ભારતીય બંધારણના ઘડવૈયા, વિશ્વવિભૂતિ, કાયદાવીદ અને ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મજયંતિ (૧૪ એપ્રિલ)ના રોજ તમામ જિલ્લા/શહેર ખાતે ગૌરવપૂર્ણ કાર્યક્રમો યોજવા ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ આદેશ આપ્યો છે. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા ''બંધારણ બચાવો પદ યાત્રા'' વિરોધ પક્ષના પૂર્વ નેતા નરેશભાઈ રાવલની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભી, ધારાસભ્યો, પ્રદેશ કોંગ્રેસના હોદેદારોની આગેવાનીમાં યોજાશે. તા. ૧૪મી એપ્રિલના રોજ સવારે ૯ કલાકે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય, સેક્ટર-૨૨ ખાતેથી યોજાનાર 'બંધારણ બચાઓ પદયાત્રા''માં ભાગ લેવા જણાવાયું છે.



## ચિલોડા ખાતે પાનકાર્ડ કેમ્પ યોજાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે રાજીવભવન હોલમાં ગ્રામ પંચાયતના સહયોગથી જરૂરિયાતમંદ નાગરિકો માટે સરકારી યોજના કે બેંકો તથા અન્ય કામગીરીના પુરાવા તરીકે પાનકાર્ડ અતિ અનિવાર્ય બન્યુ છે. ત્યારે પાનકાર્ડ કઢાવવાની કામગીરી અંગે કેમ્પનું આયોજન કર્યુ હતુ. આ કેમ્પ દ્વારા ગામના નાગરિકોએ મોટી સંખ્યામાં જરૂરી પુરાવા સાથે પાનકાર્ડ કઢાવવા ઉપસ્થિત રહી લાભ લીધો હતો. આ કેમ્પમાં પીએલવી નટુભાઈ પટેલ, પેનલ એડવોકેટ શિલ્પાબેન ઠાકોર હાજર રહ્યા હતા.

**સરકારમાં શંકાસ્પદ જાતિ પ્રમાણપત્રો આધારે**

# નિમણૂંક પામનાર કર્મચારીઓ સામે વિજીલીન્સ સેલ તવાઈ બોલાવશે

**સરકારે અનુસૂચિત જનજાતિના શંકાસ્પદ પ્રમાણપત્રોની ખરાઈ કરવા હંગામી ૧૦ વિજીલન્સ સેલની રચના કરી છે : સરકારે આ તપાસ માટેના ૫૩ અધિકારીના મહેકમને પણ મંજૂરી આપી દિધી છે**

ગાંધીનગર, તા. ૧૨

સરકારી ભરતીમાં અનુસૂચિત જાતિના ખોટા પ્રમાણપત્ર રજૂ કરી અનામત બેઠકોનો લાભ લેનાર કર્મચારી અધિકારીઓ સામે તવાઈ બોલાવશે. જે માટે શંકાસ્પદ પ્રમાણપત્રોની ખરાઈ કરવા હંગામી વિજીલન્સ સેલની રચના કરવામાં આવી છે. વિવિધ શરતોને આધીન મહેકમની પણ સરકાર દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે.

તાજેતરમાં ગુજરાત રાજયમાં વિવિધ સરકારી કચેરીઓમાં ભરતી બોર્ડ દ્વારા મોટા પ્રમાણમાં નિમણૂંકો આપવામાં આવી છે. જે પૈકી અનુસૂચિત જનજાતિની અનામત બેઠકો પર નિમણૂંક પામેલા ઉમેદવારોના જાતિના પ્રમાણપત્રો ખોટા અને શંકાસ્પદ હોવાની રાજ્યના વિવિધ અરજદારો તરફથી લેખિત રજૂઆત કરવામાં આવી હતી.

સરકારે ગંભીર બની કાર્યવાહી કરતા રાજયમાં અનુસૂચિત જનજાતિના જાતિ પ્રમાણપત્ર ધારકોના કિસ્સામાં શંકાસ્પદ પ્રમાણપત્રોની ખરાઈ અને માન્યતા નક્કી કરવા માટે રાજ્ય કક્ષાની વિશ્લેષણ સમિતિની રચના કરવામાં આવી હતી. વિશ્લેષણ સમિતિએ પુખ્ત વિચારણાના અંતે શંકાસ્પદ જાતિ પ્રમાણપત્રોની ચકાસણી માટે હંગામી ધોરણ રાજયકક્ષાની દસ વિજીલન્સ સેલની રચના કરવાની મંજૂરી આપવામાં આવી છે. જે માટે મહેકમને પણ મંજૂર કરવામાં આવ્યુ. જેમાં પ્રતિનિયુક્તથી તેમજ કરાર આધારિત નિમણૂંક કરવામાં આવશે.

મહેમક આધારીત ૧૦ ડિવાયએસપી, ૧૦ પીઆઈ, ૧૦ રીસર્ચ ઓફિસર, ૧૦ નાયબ મામલતદારની પ્રતિનિયુક્તિ પર તથા ૧૦ મદદનીશ કમિશ્નર તેમજ ૩ લીગલ કન્સલન્ટન્ટની કરાર આધારિત જગ્યાઓ ભરવામાં આવશે. વિજીલન્સની આ સેલ વિવિધ શંકાસ્પદ પ્રમાણપત્રની તપાસ-ખરાઈ કરશે અને આ સેલ નવ માસ સુધીમાં તમામ તપાસ પૂર્ણ કરશે તેમ સરકારના સંયુક્ત સચિવ વિદ્યુત પંડ્યાએ પરીપત્રમાં જણાવ્યુ હતુ.

# એસ.આઈ.ની જાહેરાતમાં અનુભવ લાયકાતમાં જ્ઞાતિને લઈ ઉમેદવારોએ મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા વિવિધ સંવર્ગની ભરતી બહાર પાડવામાં આવી છે. જેમાં એસઆઈની જગ્યા માટે ગ્રેજ્યુએટની લાયકાત માંગવામાં આવી છે. ત્યારે ધો-૧૨ પાસ એસઆઈ ઉમેદવારો ગાંધીનગર મનપાની આ નિતીથી મુશ્કેલીમાં મુકાઈ ગયા છે પરિણામે ધો-૧૨ પાસ કરી એસઆઈ પાસ થનાર અસંખ્ય ઉમેદવારો એસઆઈની ભરતીમાં પોતાની ઉમેદવારી નોંધાવી શક્યા નથી. અને આ મામલે ઉગ્ર રોષ વ્યકત કરી ધો-૧૨ પાસ એસઆઈ ઉમેદવારોને ન્યાય મળે તે માટે મુખ્યમંત્રીને લેખિતમાં રજુઆત કરી ભરતી અટકાવવા માંગ કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા તાજેતરમાં વિવિધ સંવર્ગની ભરતી બહાર પાડવામાં આવી છે. જેમાં ૯ સેનેટરી ઈન્સપેકટર અને ૧૬ સબ સેનેટરી ઈન્સ્પેકટર તરીકે નિયમિત નિમણુંક માટે જાહેરાત આપવામાં આવી હતી. જાહેરાત અન્વયે આ જગ્યા માટે લઘુતમ લાયકાત એસઆઈનો એક વર્ષનો કોર્સ તેમજ ગ્રેજ્યુએટ નિયત કરેલ છે. ત્યારે એસઆઈનો કોર્સ ધો-૧૨ ની પરિક્ષા પછી થઈ શકે છે. જેથી કેટલાક ઉમેદવારો એસઆઈનો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા હોવા છતા ગ્રેજ્યુએટ ના હોવાથી આ બંન્ને જગ્યા માટે અરજી કરી શકતા નથી. જેથી જાહેરાતમાં ગ્રેજ્યુએટ હોવાની લાયકાત ઉમેદવારો માટે અન્યાય કરનારી છે. જેને પગલે કેટલાક લાયક ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવી શક્યા નથી. એસઆઈની જગ્યા માટે શૈક્ષણિક લાયકાત નક્કી કરવામાં આવી છે. તાજેતરમાં એસઆઈ તેમજ સબ એસઆઈ અને મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની જગ્યાઓ માટે સરકારી

● અનુસંધાન પાના - ૭ પર

# રમત પ્રત્યે બદલાયેલા અભિગમે મેડલ્સની 'વેલ્થ' વધારી

**કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના શાનદાર પ્રદર્શનથી શહેરના રમત જગતમાં ખુશીની લહેર**

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનું પ્રદર્શન અત્યંત ઉત્કૃષ્ઠ રહેતા સમગ્ર દેશમાં ખુશીની લહેર પ્રસરવા પામી છે, પહેલીવાર આંતરરાષ્ટ્રીય કક્ષાના રમતોત્સવમાં ભારતે આટલા મેડલ્સ જીત્યાં હોય તેવી ઘટના બની છે. ભારતના મેડલન્સની સંખ્યા ૨૫ ઉપર પહોંચી જવા પામી છે અને હજુ તે વધશે તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. અત્યાર સુધી એશિયન ગેમ્સ હોય કે ઓલિમ્પિક આપણે નબળા પ્રદર્શનને કારણે મ્હેંણાટોણાનો ભોગ બનતા રહ્યાં છીએ પરંતુ હવે સ્પોર્ટસક્ષેત્રે પણ ભારત સશક્ત રાષ્ટ્ર બનીને ઉભરવા થનગની રહ્યું છે તેવો આશાવાદ કોમનવેલ્થ ગેમ્સના પ્રદર્શન થકી જણાઈ રહ્યો છે. વળી, આ પ્રદર્શનમાં મહિલા ખેલાડીઓનો ફાળો નોંધપાત્ર જ નહી પરંતુ તેમના મેડલન્સની સંખ્યા પણ વધુ છે ત્યારે ગાંધીનગરમાં સ્પોર્ટ્સ ક્ષેત્રે સંકળાયેલા નાગરિકો ભારતના આ પરફોર્મન્સને શી રીતે મૂલવે છે તે જાણવા ગાંધીનગર સમાચારે પ્રયાસ કર્યો હતો.



''ભારત સરકાર અને ગુજરાત સરકારની સ્પોર્ટસ પ્રત્યે બદલાયેલી નીતિના કારણે આપણે સેન્ટર ફોર એક્સેલન્સ, સ્પોર્ટસ એકેડેમી તેમજ રાજયમાં શક્તિદૂત યોજના વગેરેનો પ્રારંભ કર્યો છે. જેના કારણે ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાના કોચ પાસે પદ્ધતિસરની તથા વૈજ્ઞાનિક ઢબની તાલીમ મળી રહી છે. સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા ખેલાડીઓના ડીએનએ પ્રોફાઈલ તૈયાર કરી તેના આધારે ડાયેટ અને એક્સરસાઈઝ સૂચવવામાં આવ્યાં છે. આ કારણે ખેલાડીઓના પ્રદર્શનમાં ગજબનાક પરિવર્તન આવ્યું છે.''

**- ડો. જતીન સોની, વાઈસ સાન્સેલર, સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી**



''કોમનવેલ્થ ગેમ્સમાં ખૂબ ઓછા દેશો ભાગ લે છે જેના કારણે આ પ્રદર્શનથી આપણે ઓલિમ્પિકમાં સારો દેખાવ કરી શકીશુ તેવુ કહી ના શકાય, વળી, શુટિંગ, રેસલિંગ, ટેબલટેનિસ, બેડમિન્ટન કે પાવર લિફટીંગ જેવી કલબ ગેમ્સ કહી શકાય તેમાં સારૂ પ્રદર્શન જોવા મળ્યું છે. પરંતુ એથ્લેટિક્સ સહિતની બાકીની રમતોમાં પણ પુરવાર થવું પડશે. જો કે સરકારી નીતિમાં પરિવર્તનને કારણે ચોક્કસ પરિણામ સુધર્યા છે તેવુ મારૂ માનવુ છે.''

**- દિનેશ બડમલિયા, બેડમિન્ટન કોચ, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા**



''ભારતમાં હવે સ્પોર્ટસ પ્રત્યેનો દષ્ટિકોણ બદલાયું છે તેમજ સ્પોર્ટસ પ્રત્યે જાગૃતિ પણ વધી છે. બીજુ સરકારનો સ્પોર્ટસ ક્ષેત્રે અભિગમ પણ બદલાતા વધુ સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. વળી, આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પોર્ટસ ટૂર્નામેન્ટમાં આપણી ભાગીદારી વધી છે. સરકારે આગામી ૨૦૨૦, ૨૦૨૪ અને ૨૦૨૮ના ઓલમ્પિક માટે ટાસ્ક ફોર્સ કમિટિ બનાવી છે જે ચોક્કસ વધુ સારા પરિણામ આપશે.''

**- કૌશિક પટેલ, ડિસ્ટ્રીક્ટ કોચ,હેન્ડબોલ, સ્પોટ્ર્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા**



''કોમન વેલ્થ ગેમ્સમાં ભારતનું પ્રદર્શન ખૂબ જ ઉત્કૃષ્ઠ રહ્યું છે, જે પ્રકારે આપણા ખેલાડીઓ મેડલ્સ જીત્યાં છે તે જોતા એવુ સ્પષ્ટ જણાય છે કે ભારતે સિંગલ પ્લેયર ગેમ્સમાં વધુ ધ્યાન આપવું જોઈએ. તેમાં આપણે વધુ સારૂ પ્રદર્શન કરી રહ્યાં છીએ. આ પ્રકારની રમતોમાં ખેલાડીઓ અન્ય ખેલાડીના ભરોસે રહેવુ પડતુ નથી. શુટિંગમાં ભારતને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વધુ મેડલ્સ મળી રહ્યાં છે અને આ રમત પ્રત્યે નેશનલ રાયફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત પણ હવે સારા પગલાં લઈ રહ્યાં છે.

**- ગજેન્દ્રસિંહ બારડ, ડાયરેક્ટર, કર્મવીર એજ્યુકેશન એન્ડ સ્પોર્ટસ ફેડરેશન ટ્રેઝરર, ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ રાયફલ એસો.**



''કોમનવેલ્થ ગેમ્સમાં ભારત આજે ત્રીજા સ્થાને છે. અને ભારતીય ખેલાડીઓનું પ્રદર્શન ઉઠીને આંખે વળગે તેવુ છે જે ભારતના ઉભરતા ખેલાડીઓ માટે પ્રેરણારૂપ સાબિત થશે. ભારતે રાષ્ટ્રીય કક્ષાએ રમતગમત ક્ષેત્રે નીતિમાં ધરખમ ફેરફાર કર્યા છે જેમાં રમતવીરો માટે પ્રોત્સાહક નીતિઓ અમલમાં મુકી છે. આ સાથે આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ખેલાડીઓ ભાગ લઈ શકે તે માટે લાંબાગાળાનું આયોજન પણ કર્યુ છે. આધુનિક પદ્ધતિએ તાલીમ પણ અપાઈ રહી છે જેથી સ્પોટ્ર્સનું ભાવિ હવે ઉજળુ જણાય છે.

**- ભરતજી ઠાકોર, ફેન્સિંગ કોચ, ભારતીય ટીમ એક્ઝિક્યુટિવ મેમ્બર, ફેન્સિંગ એસો.ઓફ. ઈન્ડિયા**


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર વાહનચાલકો ચેતે

સિટી સર્વેલન્સ ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમથી મળશે

ઈ-મેમો



હવે ૧૫ એપ્રિલ, ૨૦૧૮થી ચાર મહાનગરો
અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટમાં
ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારાઓને સીસીટીવી કેમેરા અને
સિટી સર્વેલન્સ ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા
તેમના ઘરે દંડનું ચલણ મોકલવામાં આવશે

વાહનમાલિક પોતાના વાહનનું વેચાણ કરે કે પોતાનું સરનામું બદલે તો
આર.ટી.ઓ.માં તેની નોંધ કરાવી લેવી જરૂરી છે.

ઈ-ચલણના નાણાં ઓનલાઈન તેમજ આપના શહેરના
કોઈપણ પોલીસ સ્ટેશન, SBI બેન્કની કોઈપણ શાખામાં તથા
પોલીસ કમિશનરશ્રીની કચેરીમાં ભરી શકાશે

માહિતી ૨૦૧૮-૧૯ (૦૧)